# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ **website : forumjunagadh.pgvcl@gebmail.com**

**CIN:U40102GJ2003SGC042908**

પીજીવીસીએલ/સીજીઆરએફ/03/ક્વા-૦૧/૨૦૨૧-૨૨/૨૦૧ તા.૦૮.૦૯.૨૦૨૧

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – 03/ક્વા-૦૧/૨૦૨૧-૨૨**

અરજદાર: શ્રી ઈન્દિરાબેન સુખરામ ગામ – જુનાગઢ

સબડીવીઝન: ગાંધીગ્રામ - જુનાગઢ

### :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી જુનાગઢ શહેર

### :: કોરમ ::

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી બી.પી.બુચ |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રી એન.એસ.પંડયા |

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વર્તુળ કચેરી, જુનાગઢ

તારીખ: શુક્રવાર (૧૩.૦૮.૨૦૨૧)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૧૩.૦૮.૨૦૨૧ (શુક્રવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ બને પક્ષકારો હાજર રહેલ હતા.

### :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે,અમો ગ્રા.નં ૩૦૮૦૬/૦૨૯૦૧/૩ થી ઘર વપરાશનું મિટર ધરાવીએ છીએ તેમાં અમારે બે માસનું બિલ ૧૦૦૦.૦૦ રૂપિયા થી વધેલ નથી અને ડિસે-જાન્યુ-૨૧ નું બિલ રૂ. ૫૮૪૮-૧૩ પૈસા આવેલ હોય તો અમોને પુરેપુરી સંભાવના છે કે ડિજીટલ મિટર છે એટલે મિટર જમ્પ મારેલ હોય અને કુટુંબના અમારે ફક્ત બે સભ્યો રહેલા હોય તો આ બિલ અમારે વાંધાજનક અને અમારા ઘરની આજુબાજુ ખુલ્લુ વાતાવરણ હોય હવા ઉજાસ વાળું મકાન હોય તો અમારે પંખાની પણ જરૂરત રહેતી નથી છતાં પણ ક્યારેક રાત્રિના પંખાની જરૂરત હોય તો પંખો

લાગે છે અને સી.એફ.એલ. નવ વોટના લેમ્પ અમારે બધી જગ્યાએ લાગેલા હોય તો ઇલેક્ટ્રીક લાઇટનો ઉપયોગ વધારે થતો ન હોય તો આપ અમારે આ બિલ સંપૂર્ણપણે વાંધાજનક હોય તો આપ અમારા ઘરની ખરાઈ કરી જોઈ તપાસી અમારી પરિસ્થિતી ધ્યાને લઈને વહેલીતકે આ બિલ નો નિકાલ કરવા આપ સાહેબને નમ્ર અરજ છે અને એમોએ વધારે બિલ આવતાં એમોએ મિટર ડિજીટલ પણ બદલાવેલ હોય તો આપ સાહેબને અમારી નમ્ર અરજ સાંભળીને વહેલીતકે આ અરજીનો નિકાલ કરવા વિનંતી અને જ્યારે આ લાઇટબિલ ડિસે.-જાન્યુ-૨૧ નું આવેલ ત્યારે ભરપુર ઠંડીની સિઝન હતી તો પંખા પણ ચાલુ કરેલ ન હતા અને નાનું મકાન છે મોતીબાગની બાજુમાં જ રહીએ છીએ તો ઝાડ વધારે હોવાથી દિવસે તથા રાત્રીના બારી બારણાં બંધ રાખવા પડતાં હોય તો આ અરજીનો વહેલીતકે નિકાલ કરવા વિનંતી. આમ અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 ગ્રાહક નૂ નામ: ઈન્દીરાબેન સુખરામ
ગ્રાહક નંબર. ૩૦૮૦૬/૦૨૯૦૧/૩ RGPU 1 KW
કનેકશન તારીખ ૩૦/૧૨/૨૦૦૯

3.૧ ગ્રાહક શ્રી ઈન્દીરાબેન સુખરામ હસ્તકનુ વિજકનેકશન કે જેના ગ્રાહક નંબર. ૩૦૮૦૬/૦૨૯૦૧/૩ છે, તા. ૦૯/૦૨/૨૧ ના રોજ વિજ-બીલ વધારે આવવા બાબત ની અરજી કરેલ સદર અરજી બાબતે ગ્રાહક શ્રી ના વીજ મીટર ના રીડીગ ની સ્થળ ખરાઇ કરતા તા-૨૪/૦૧/૨૦૨૧ ના રોજ આપેલ વીજ બીલ ના મીટર રીડીગ (૯૦૦૫) સાથે તા- ૦૯/૦૨/૨૧ રોજ ના મીટર રીડીગ (૯૧૮૧) સાથે સરખાવતા સામાન્ય જણાય આવેલ.

3.૨ બાદમાં ગ્રાહક શ્રી દ્વારા તા.૧૯/૦૨/૨૧ ના રોજ મીટર બદલવાની અરજી કરતા તા.૨૨/૦૨/૨૧ ના રોજ રોજકામ નં.JCD/20/21/No.47380 થી મીટર બદલી આપેલ હતુ. જે તા.૦૯/૦૩/૨૧ ના રોજ વિજ-મીટરનુ લેબ પરીક્ષણ ગ્રાહક શ્રી ના પ્રતીનીધી ની હાજરીમાં થતા મીટર સામાન્ય જોવા મળેલ, જેની નકલ સંદર્ભ-૨ ના પત્ર સાથે આપ સાહેબ ને મોકલી આપેલ છે, સદર લેબ રોજકામ માં અંતિમ રીડીગ ૯૨૪૯ જોવા મળેલ છે.

3.3 આમ લેબ પરીક્ષકો ના અભીપ્રાય મૂજબ સદર વીજ મીટર સામાન્ય હોવા થી ગ્રાહક શ્રી ને આપવા માં આવેલ વિજ-બીલની પુરી રકમ ભરપાઇ કરવા પાત્ર હોય જે બાબતે ગ્રાહકશ્રી ને અવાર નવાર મૌખીક સમજાવેલ પરંતૂ ગ્રાહક શ્રી ને સદર વીજ બીલ બાબતે અસંતોષ હોવા ને કારણે ગ્રાહક તરફ થી સી.જી.આર.એફ. માં રજૂઆત કરતી અરજી કરેલ છે.

## :: હુકમ ::

૪.0 અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજૂ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબના નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ સદર બાબતે ઉપરોક્ત મુદ્દા નં. 3.3 મુજબ જે પીજીવીસીએલ કંપની દ્વારા અરજદાર શ્રી ને જે વીજ બિલ આપવા માં આવેલ છે તે નિયમ મુજબ હોય અને જે અરજદાર શ્રી એ ભરવાપાત્ર છે.

૪.૨ તે મુજબ અત્રે ના ફોરમ દ્વારા હુકમ કરવામાં આવે છે.

૪.3 આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| શ્રી એન.એસ.પંડયા | શ્રી બી.પી.બુચ |
| સ્વતંત્ર સભ્ય | ચેરપર્સન |

**નોંધ:-**

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન-30 માં વિધુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદિએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું : વિધુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનિક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯